# ચક્રવર્તી દાવિદ અને પયગંબર નાથાન

## (ફાધર વર્ગીસ પોલ)

ઈસાયલીઓના પ્રથમ રાજા શાઉલના મરણ પછી દાવિદ બહારવટું જીવન છોડીને પોતાના બે પત્નીઓ, ઈઝરેલની અહિનોમ અને કામેર્લના નાબાલની વિધવા અબિગાઈલને લઈને હેબ્રોન ગયો. દાઉદ પોતાના સાથેના માણસોને પણ તેમનાં કુટુંબ સાથે લઈ ગયો. અને તેઓ હેબ્રોનના કસબાઓમાં વસ્યા. ત્યાર પછી યહૂદાના લોકોએ ત્યાં આવીને દાવિદનો યહૂદાના વંશના રાજા તરીકે અભિષેક કર્યો.

દાવિદે હેબ્રોનમાં રહીને યહૂદા ઉપર સાડાસાત વર્ષ રાજ્ય કર્યું હતું. સમયના વહેણમાં ઈસાયલના બીજા બધા વંશજોએ હેબ્રોનમાં દાવિદ પાસે આવીને તેને કહ્યું, "અમે તારાં જ રક્તમાંસ છીએ. ભૂતકાળમાં જ્યારે શાઉલ અમારો રાજા હતો ત્યારે પણ યુદ્ધમાં તમે જ ઈસાયલી સેનાની આગેવાની લેતા હતા. પ્રભુએ તમને જ સમગ્ર ઈસાયલીઓના શાસનકર્તા તરીકે પસંદ કર્યા છે." આથી દાવિદે ઈસાયલિઓના બધા આગેવાનો સાથે પ્રભુની સાક્ષીએ કરાર કર્યો અને તેમણે આખી ઈસાયલના રાજા તરીકે દાવિદનો અભિષેક કર્યો.

આમ, આખા ઈસાયલીઓના રાજા બન્યા પછી દાવિદ અને તેના માણસોએ યરુશાલેમ જઈને ત્યાં મૂળ વતની યબૂસીઓ ઉપર હુમલો કર્યો અને યરુશાલેમ કબજે કર્યું.

યરુશાલેમમાં સિયોનનો ગઢ જીતીને રાજા દાવિદે તેની ફરતે કોટ બાંધ્યો અને ત્યાં રહેવા ગો અને એમણે યરુશાલેમને પોતાના રાજ્યનું પાટનગર બનાવ્યું. એ જમાનામાં સામાજિક મોભો વધારવા માટે પોતાના ઘરમાં ઘણી સ્ત્રીઓને રાખવાની પ્રથા મોટા માણસોમાં હતી. દાવિદે પણ રાજાની પ્રતિષ્ઠાને શોભે એ રીતે યરુશાલેમમાંથી વધારે સ્ત્રીઓ અને રખાતો રાખી અને તેને ઘણાં છોકરાં થયાં.

પલિસ્તીઓએ સાંભળ્યું કે દાવિદનો આખા ઈસાયલના રાજા તરીકે અભિષેક કરવામાં આવ્યો છે, ત્યારે તેઓએ ઈસાયલ ઉપર હુમલો કર્યો. પણ દાવિદે તેમને હરાવ્યા. એટલું જ નહિ પણ તેમની પાસેથી દેશનો કબજો લઈ લીધો.

દાવિદ પોતાના બધા દુશ્મનો ઉપર વિજય મેળવીને રાજધાની યરુશાલેમમાં સહીસલામત સ્થિર થયા ત્યારે તેમને લાગ્યું કે ઈશ્વરની મંજૂષા પણ લાવીને યરુશાલેમને એક ધર્મનગરી બનાવવી જોઈએ. એટલે દાવિદ ત્રીસ હજાર ચુનંદા યોદ્ધાઓને લઈને. જે પ્રભુનું નામ ધરાવે છે ને જેની ઉપર સર્વશક્તિમાન પ્રભુ વિરાજે છે તે ઈશ્વરની મંજૂષા લઈ આવવા માટે યહુદામાં આવેલા બાલા મુકામે ગયા. લોકો ટેકરી ઉપર આવેલા અબિનાદાબના ઘરમાંથી લઈને મંજૂષાને નવા બળદ ગાડામાં ચડાવી. અબિનાદાબના દાકરીઓ ઉઝઝા અને અહિયો ગાડાને હાંકતા હતા દાવિદ અને બધાં ઈસાલીઓ પ્રભુ સમક્ષ વીણા, સારંગી, ખંજરી, કરતાલ અને મંજીરાં વગાડતા વગાડતા જોરશોરથી નાચતા અને ગાતા.

પ્રભુની મંજૂષા દાવિદ-નગર યરુશાલેમમાં દાખલ થતી હતી. ત્યારે શાઉલની દીકરી મિખાલે એક બારીમાંથી જોયું તો રાજા દાવિદ પ્રભુ સમક્ષ નાચતો અને કૂદતો હતો અને તેના દિલમાં રાજા પ્રત્યે નફરત જાગી.

તે લોકોએ પ્રભુની મંજૂષાને લાવીને દાવિદે એને માટે ઊભા કરેલા તંબુમાં યોગ્ય સ્થાને ગોઠવી. ત્યાર પછી દાવિદે પ્રભુને આહુતિ અને નૈવેધ્ય ધરાવ્યાં અને લોકોને પ્રભુને નામે આશીર્વાદ આપ્યા. જ્યારે દાવિદ પાછો ઘરે આવ્યો. ત્યારે શાઉલની દીકરી મિખાલે તિરસ્કારમાં દાવિદને કહ્યું, “આજે ઈસાયલના રાજાએ પોતાના અમલદારોની લાડીઓ આગળ રંગલાની જેમ પોતાની જાતને ઉઘાડી કરીને કેવી મોટી કીર્તી પ્રાપ્ત કરી.”

દાવિદે જવાબમાં કહ્યું, “હું તો પ્રભુની સમક્ષ નાચતો હતો, જેણે પોતાના લોકો ઈસાયલીઓના રાજા તરીકે મારી નિમણૂક કરી છે. તેની આગળ હું નાચીશ પણ ખરો અને ગાઈશ પણ ખરો. તું ભલે મને તારી નજરમાં મામૂલી ગણી કાઢેઃ પણ તું જે લાડીઓની વાત કરે છે. તેઓ તો એ માટે જ મને માન આપશે.” વાત પછી બાઈબલ નોંધે છે કે, “શાઉલની દીકરી મિખાલને મરતાં સુધી કંઈ સંતાન નહોતું થયું.”

રાજા દાવિદ પોતાના મહેલમાં ઠરીઠામ થયા અને ચારેબાજુના દુશ્મનો તાબે થયા ત્યારે તંબૂમાં પડી રહેલી ઈશ્વરની મંજૂષા માટે રાજાને એક મકાન બનાવવાનો વિચાર આવ્યો. તેમણે પયગંબર નાથાનને એની વાત કરી.

તે જ રાતે નાથાનને પ્રભુની વાણી સંભળાઈ. ભવિષ્યવાણી સંભળાવાં નાથાને દાવિદને કહ્યું કે સર્વશક્તિમાન પ્રભુનાં આ વચન છેઃ “તું ચરામાં ઘેટાં ચારતો હતો ત્યાંથી લઈને મેં તમને મારા લોકો ઈસાયલીઓનો આગેવાન બનાવ્યો હતો. હું તને પપૃથ્વીના મહાપુરુષોના જેવો વિખ્યાત બનાવીશ. હું મારા લોકો ઈસાયવીઓ માટે એક સ્થાન મુકકર કરીશ અને તેઓને તેમાં સ્થિર કરીને વસાવીશ. હું તમને તમારા બધા દુશ્મનોથી રાહત આપીશ અને તારો વંશ સ્થાપીશ. જ્યારે તારી આવરદા પૂરી થાય ત્યારે હું તારા પોતાના દીકરાને તાર પછી ગાદીએ બેસાડીશ અને તે જ મારા નામનું મંદિર બંધાવશે અને હું તેની રાજગાદીને કાયમ કરીશ. તારો વંશ અને તારું રાજય મારી નજર સમક્ષ કાયમ રહેશે અને તાકી રાજગાદી યાવચ્ચંદ્ર-દિવાકરૌ અચળ રહેશે.”

આથી ઈસાયલી લોકો સમજી ગયા કે ઈશ્વરે જે મુક્તિદાતા મોકલવાનું વચન આપ્યું હતું. તે મુક્તિદાતા દાવિદના વંશમાં પેદા થવનો હતો.

એક વસંત સમયે જ્યારે રાજાઓ મુલકગીરી માટે નીકળી પડે છે ત્યારે મુલકગીરી માટે નીકળી પડેલી ઈસાયલી સેનાએ રબ્બાનગરને ઘેરો ઘાલ્યો. પણ દાવિદ યરુશાલેમમાં જ રહ્યો. એક દિવસ દાવિદ પોતાના મહેલના ધાબા ઉપર ટા મારતો હતો ત્યારે તેણે એક સ્ત્રીને નાહતી જોઈ તે ખૂબ રૂપાળી હતી. દાવિદે તપાસ કરાવી તો તેને જાણવા મળ્યું કે, “એ તો બાથશેબા છે. એલિયામની દાકરી અને હિત્ત

ઉરિયાની વહુ." પછી દાવિદે તેને લઈ આવવા માણસો મોકલ્યા અને તે આવી એટલે દાવિદે તેની સાથે સંભોગ કર્યો. પછી તે પાછી ઘેર ગઈ. તે બાઈને ગર્ભ રહ્યો અને તેણે દાવિદને સંદેશ મોકલ્યો કે, "મને ગર્ભ રહ્યો છે."

દાવિદે પોતાના સેનાપતિ યોઆબને સંદેશો મોકલ્યો અનો યોબાએ હિત્તી ઉરિયાને દાવિદ પાસે મોકલી આપ્યો. જ્યારે ઉરિયા આવ્યો ત્યારે દાવિદ તેને યોઆબની અને તેની લશ્કરની ખબર પૂછી. લડાઈ વિશે જાણેની રાજાએ હિત્તી ઉરિયાને કહ્યું, "તારે ઘેર જઈને આરામ કર."

પણ ઉરિયા ઘેર ન ગયો અને મહેલના દરવાજે રાજાના અંગરક્ષો ભેગો સૂઈ રહ્યો. આની રાજાને જાણ થતાં બીજે દિવસે રાજાએ ઉરિયાને પોતાની સાથે ખાણીપીણી માટે બોલાવ્યો અને ખૂબ દારૂ પાઈ ઘેનમાં નાખ્યો. પણ સાંજે ઉરિયા ઘેર ન ગયો તે ન ગયો. એટલે રાજાએ પોતાના સેનાપતિ યોઆબને એક પત્ર લખીને ઉરિયા સાથે મોકલી આપ્યો. પત્રમાં તેણે લખ્યું. "જ્યાં ભારેમાં ભારે યુદ્ધ ચાલતું હોય ત્યાં મોખરે ઉરિયાને મૂકવો અને પછી તમારે પાછા હઠી જવું અને એને મરવા દેવો."

યોબાએ રાજાના આદેશ મુજબ દુશ્મનોના શૂરામાં શૂરા યોદ્ધો જ્યાં હતા એવે સ્થાને ઉરિયાને મોકલ્યો. દુશ્મનોએ ધી આવીને યોઆબ ઉપર હુમલો કર્યો અને દાવિદના કેટલાક અમલદારો માર્યા ગયા. હિત્તી ઉરિયા પણ મરાયો. જ્યારે ઉરિયાની વહુએ જાણ્યું કે તેનો પતિ મરી ગયો છે ત્યારે તેણે તેનો શોક પાળ્યો. જ્યારે શોક સમય પૂરો થયો ત્યારે દાવિદે તેને પોતાના ઘરાં તેડાવી લીધી. તે તેની પત્ની થઈને રહી અને તેને એક પુત્ર જન્મ્યો.

પછી પ્રભુના પ્રેર્યા નબી નાથાને દાવિદ પાસે આવીને કહ્યું, "કોઈ એક શહેરમાં બે માણસો રહેતા હતા. એક પૈસાદાર અને બીજો ગરીબ. પૈસાદાર માણસ પાસે ઘેટાંબકરાંનાં મોટાં મોટાં ટોળાં હતાં. પણ પેલા ગરીબ માણસ પાસે એક નાની ઘેટી સિવાય કંઈ નહોતું. તે તેના ઘરમાં તેના છોકરાઓ ભેગી જ મોટી થતી હતી. તે તેની દીકરી જેવી હતી. એક દિવસ કોઈ મુસાફર પેલા પૈસાદાર માણસ પાસે આવ્યો, પણ પોતાનાં ઘેટાંબકરાંમાંથી કોઈને લઈને રાંધવાનો તેનો જીવ ન ચાલ્યો. એટલે તેણે પેલા ગરીબ માણસની ઘેટી લઈને પોતાના મહેમાન માટે રાંધી."

નબી નાથાનની આ વાત સાંભળીને રાજા દાવિદે એકદમ ગુસ્સે થઈને કહ્યું, "પ્રભુના કસમ, આવું કરનાર માણસ, તો મરવો જ જોઈએ! તે આટલી ક્રૂરતાથી વર્ત્યો છે. એટલે તેણે એ ઘેટીના ચાર ગણો બદલો આપવો જ પડશે."

"એ માણસ તું જ છે." નાથાને દાવિદને કહ્યું. દાવિદને પોતાના ગુનાનો પૂરો ખ્યાલ આવ્યો અને તેણે નાથને કહ્યું. મેં પ્રભુનો ગુનો કર્યો છે.

ઉરિયાની પત્નીને દાવિદથી જે પુત્ર અવતર્યો હતો તે સખત માંદો પડયો અને મરી ગયો. દાવિદે પોતાની પત્ની બાથશેબાને આશ્વાસન આપ્યું. તેની પાસે જઈને તેને ઋતુદાન કર્યું અને તેણે એક પુત્રને જન્મ આપ્યો અને દાવિદે તેનું નામ શલોમોન પાડયું. દાવિદ ત્રીસ વર્ષની ઉંમરે રાજા બન્યો. તેણે ચાલીસ વર્ષ રાજ્ય કર્યું. એના પછી એનો દીકરો શલોમોન ગાદીએ આવ્યો.

આખા જૂના કરારમાં દાવિદના પાત્રને સૌથી વધારે વિકસાવવામાં આવ્યું છે. જન્મથી મરણ સુધી દાવિદના જીવનના બધાં પાસાંને સિદ્ધિઓ અને નબળાઈઓ સાથે ચીતરવામાં આવ્યાં છે. દાવિદ એક કસાયેલા યોદ્ધા છે. મુત્સદી રાજકર્તા છે. પ્રેમાળ પતિ ને પિતા છે. તે પાપી અને ભક્ત છે. તે એકી સાથે ક્રૂર અને કોમળ છે. સૌંદર્ય અને પ્રેમ પ્રત્ય એને પક્ષપાત છે. સંગીત અને કવિતામાં એ રાચે છે. હિંમત અને ચતુરાઈ એમના આગવા ગુણો છે. ઈશ્વર પરત્વેની એમની ઊંડી શ્રદ્ધા અને નમ્રતા વિશેષ ધ્યાન ખેંચે છે. એમના ગુનાઓ અને પાપો એમના પાત્રને પૂરેપુરું વાસ્તવિક ઠરાવે છે. ઈસ્રાયલના પ્રથમ રાજા શાઉલે બાર જૂથોને એકત્રિત કરીને સ્થાપેલું. રાજ્ય દાવિદના સમયમાં સાગરથી રણભૂમિ સુધી વિસ્તરેલું એક શક્તિશાળી સામ્રાજ્ય બન્યું હતું અને દાવિદ ઈસ્રાયલના રાજ્યના વિધાતા બન્યા હતા.

દાવિદ એક સુંદર સંગીતકાર તથા કવિ પણ હતા. તેમણે રચેલાં ઘણાં ગીતો બાઈબલના સ્તોત્રસંહિતા, ગ્રંથમાં સમાયેલાં છે. તેમણે રચેલાં ભજનોમાંથી એક ભજન અહીં વિશેષ ધ્યાનાર્હ છે.

પ્રભુમારો ગોવાળ છે જાતે,

મને ઊણું ન લાગે કોઈ વાતે,

લીલુડી વાડીમાં વિરામ કરાવતો,

શીતલ ને શાંત ઝરણાતટે લાવતો,

મારે અંતરિયે જોમ છલકાવતો,

સળવે મારગ અને એ જ લઈ આવતો,

પોતાના નામનું બિરુદ સંભળાવતો,

તિમિર ઘન કોતરમાં ઘૂમવાનું થાય રે,

કોઈ ડર તોય મને લાગે ન ક્યાંય રે,

પ્રભુ, મારી સંગ સંગ તું જ ચાલે સાથમાં.

હૈ યે નિરાંત વળે ડાંગ જોઈ હાથમાં.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-01-2007)

(ફરી બદલ્યાની તારીખઃ 16-01-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007